વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 120 | વર્ષ : 12 | નવેમ્બર : 2023 | પેઈઝ : 15
સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# દિપાવલી પર્વ

ઈતની અનોખી વિધિયાં, ઈતને અજબ ત્યૌહાર હૈં,
કભી દીપો કી માલાએ હૈ, કભી રંગો કી બૌછાર હૈ,
ઈદ કા ઉત્કર્ષ ભી, દુર્ગાપુજા કા હર્ષ ભી,
ક્રિસમસભી નવવર્ષ ભી.

હિંદુઓનું નવવર્ષ એટલે દિપાવલી. દીપાવલી એટલે દીપોનો પ્રકાશનો તહેવાર છે. દીપાવલી હિન્દુઓનું સૌથી મોટુ પર્વ છે. દીપાવલીએ પાંચ દિવસનું પર્વ છે. આસો સુદ તેરસ એટલે કે ધનતેરસથી લઈને કારતક સુદ બીજ એટલે કે ભાઈબીજ સુધી દીપાવલી મનાવવામાં આવે છે.

ધનતેરશ : પંચપર્વ દીપાવલીની શરૂઆત ધનતેરસના દિવસથી થાય છે. ધનતેરસના દિવસે લક્ષ્મીજી ધન્વંતરી અને યમરાજનું પૂજન કરવામાં આવે છે. તેઓ સમુદ્રમાંથી પ્રગટ થયાં હતાં અને ભગવાન વિષ્ણુને વર્યા હતા. ધનતેરસના દિવસે ધનધાન્ય, સુખ સમૃદ્ધિ મેળવવા માટે લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે.

કાળી ચૌદશ : દીપાવલીના એક દિવસ પહેલાં કાળી ચૌદશ હોય છે. કાળી ચૌદશને નાની દિવાળી કહે છે. માતાજીના બે રૂપ છે. તેમાંથી એક છે સૌમ્ય અને બીજુ છે રૌદ્ર. કાળી ચૌદશના દિવસે મહાકાળીના રૌદ્ર સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.

દીપાવલી : દીપાવલીને દિવાળી પણ કહે છે. દીપ એટલે દીવો અને આવલી એટલે પંકિત, આમ દિપાવલીનો અર્થ છે. દિવાઓની પંકિત. તે સંદેશ આપે છે કે..

## 'તમસો માં જયોતિર્ગમય'

એટલે કે અંધારામાંથી પ્રકાશ તરફ જાઓ. આજ ઉપનિષદોની આજ્ઞા છે. જેને દરેક ધર્મના લોકો માને છે. ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ પુરો કરી અને રાવણનો વધ કરીને અયોધ્યા પાછા ફર્યા તેના આગમનથી અયોધ્યાવાસીઓ ઉલ્લાસથી નગરમાં ઘી ના દીવા પ્રગટાવ્યા હતા આસો વદ અમાસની રાત્રી દીવાઓના પ્રકાશમાં ઝગમગી ઊઠી ત્યારથી દિવાળી ઉજવવાની શરૂઆત થઈ.

નૂતન વર્ષ : દિવાળીના બીજા દિવસે નૂતનવર્ષ ઉજવવામાં આવે છે. આ દિવસથી વિક્રમસંવતના નવા વર્ષની શરૂઆત થાય છે. નૂતનવર્ષની નવ પ્રભાતે સૂર્યનો પ્રકાશ દરેકના મનમાં નવી આશાઓનો ઉજાસ પાથરે છે. નવુ વર્ષ નવી આશાઓ અને નવા વિચારો લઈને આવે છે. આ દિવસે લોકો જૂના મનદુઃખ, વેરભાવ, કડવાશ એમ તમામ અવગુણોને ત્યજીને સૌને નવા વર્ષની શુભકામના આપે છે.

ભાઈબીજ : કારતક સુદ બીજનો દિવસ ભાઈબીજ તરીકે ઓળખાય છે.આ દિવસે ભાઈ બહેનના પ્રેમ અને સ્નેહને વ્યકત કરે છે.

જગમગ-જગમગ દીપ જલે, રોશન ઘર કા હો હર કોના,
પ્રકાશ કે જૈસે ઉજ્જવલ તન હો, જન-જન સ્વજન ઔર નિર્મલ મન હો.
રોશની કા આગાજ જહા હો, મીઠે સૂર હો મીઠે તાલ હો,
શુભકામનાએ હૈ વહી હમારી, સતરંગી હર દિવાલી હો.



# ઉંદરની ટોપી

એક ઉંદર હતો. એને રસ્તા પરથી એક સરસ મનો કાપડનો ટૂકડો મળ્યો.
એને થયું, લાવને આની નાની ટોપી બનાવું. એ તો કાપડનો ટૂકડો લઈને પહોંચ્યો દરજી પાસે.
ઉંદર દરજીને કહે, ''દરજીભાઈ, દરજીભાઈ, મને ટોપી સીવી આપો.'' દરજી કહે, ''તારા જેવા ઉંદર માટે ટોપી સીવવા મારી પાસે સમય નથી.''
ઉંદર કહે, ''એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા'' - એટલે કે, ''સિપાહીને બોલાવીશ. બરાબરનો માર ખવરાવીશ. ઉભો ઉભો તમાશો ઈશ.''
દરજી તો ડરી ગયો. એ ઉંદરને કહે, ''ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપી સીવી આપું છું.''
એણે સરસ મની ટોપી સીવી આપી. ઉંદર તો રાજી રાજી થઇ ગયો. પછી એને થયું કે આવી મની ટોપી પર ભરત ભર્યું હોય તો કેવું સારું લાગે?
એ તો ઉપડ્યો ભરત ભરવાવાળા પાસે. જઈને કહે, ''ભાઈ, મને મારી આ ટોપી પર મનું ભરત ભરી આપ.''
ભરત ભરવાવાળો કહે, ''. . તારા જેવા ઉંદર માટે ભરત ભરવા મારી પાસે સમય નથી.''
ઉંદર કહે, ''એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા.''
ભરત ભરવાવાળો તો ડરી ગયો. એ ઉંદરને કહે, ''ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપીને ભરત ભરી આપું છું.''
ઉંદર રાજી રાજી થઇ ગયો. પછી એને થયું કે આવી મની ભરત ભરેલી ટોપી પર મોતી ટાંક્યાં હોય તો કેવું સારું લાગે?
એ તો ઉપડ્યો મોતી ટાંકવાવાળા પાસે. જઈને કહે, ''ભાઈ, મને મારી આ ટોપી પર સરસ મના મોતી ટાંકી આપ.''
મોતી ટાંકવાવાળો કહે, ''. . તારા જેવા ઉંદર માટે મોતી ટાંકવા મારી પાસે સમય નથી.''
ઉંદર કહે, ''એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા.''
મોતી ટાંકવાવાળો તો ડરી ગયો. એ ઉંદરને કહે, ''ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપીને મોતી ટાંકી આપું છું.''
ઉંદર એકદમ ગેલમાં આવી ગયો અને નાચવા કૂદવા લાગ્યો.
ત્યાં રાજાના સિપાહીઓ આવ્યા અને ઉંદરને કહે, ''એય ઉંદરડા, આઘો ખસ અહીંથી. રાણીની સવારી નીકળે છે.''
ઉંદર સિપાહીઓને કહે, ''નહીં ખસું. રાણીની ટોપી કરતાં તો મારી ટોપી વધારે સારી છે.''
આ સાંભળીને રાજા ચિડાઈ ગયો. એણે સિપાહીઓને કહ્યું કે, ''આ ઉંદરની ટોપી લઇ લ્યો.''
ઉંદર ગાવા લાગ્યો, ''રાની ભિખારી... રાની ભિખારી. મારી ટોપી લઇ લીધી... મારી ટોપી લઇ લીધી...''
રાજાએ સિપાહીને કહ્યું, ''આની ટોપી પાછી આપી દો. મને ભિખારી કહે છે.''
સિપાહીઓએ ઉંદરને એની ટોપી પાછી આપી દીધી.
ઉંદર ગાવા લાગ્યો, ''રાજા મારાથી ડરી ગયો... રાજા મારાથી ડરી ગયો...''
આમ નાચતો, ગાતો એની ટોપી પહેરીને ઉંદર એના ઘરે ગયો.

# પેલીકન પેણ

આજના સમયમાં પક્ષી નિરીક્ષણનો શોખ વધુ વ્યાપક બન્યો છે. ખાસ કરીને આપણે ત્યાં શિયાળો પસાર કરવા આવતા ઋતુપ્રવાસી પક્ષીઓને જોવાનો પ્રયત્ન વધુ થતો હોય છે. પરંતુ આ પ્રવૃતિ દરમ્યાન એવું જોવા મળ્યું છે કે મોટે ભાગે પક્ષીના રંગ-રૂપ જોઇને સંતોષ માનવામાં આવે છે. જો પક્ષીની ચોક્કસ ઓળખ થઇ જાય તો ત્યારબાદ તેની વર્તણૂંક સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. પક્ષીઓના જીવન વ્યવહાર તદન ન સમજાય તેવા અને પર્યાવરણમાં આવેલા બદલાવ માટેના સૂચક હોય છે. આ સંદર્ભમાં પક્ષી નિરીક્ષણની શરૂઆત કરનારાઓ માટે પેલીકન એવું પક્ષી છે, જે ઉત્સાહ વધારી આપે છે. પેલીકન પાણીકાંઠાનું પક્ષી હોઇ તે જલ્દીથી ઉડી જતુ નથી. વળી તેનું કદ લગભગ ગીધ જેવડું મોટું. આથી તેના પર દૂરબીન માંડવુ પણ સહેલુ. આપણે ત્યાં સામાન્ય રીતે બે જાતિના પેલીકન અને ડાલ્મેશિયન પેલીકન. જેમાં રોઝી પેલીકન વ્યાપક રહેતું હોય છે. આ બંને પેલીકન તેની ચાંચના રંગ પરથી અલગ પાડી શકાય. રોઝી પેલીકનની ચાંચ પીળા રંગની જ્યારે ડાલ્મેશિયન પેલીકનની ચાંચ કાળાશ પડતી રાખોડી. પેલીકન વહેલી સવારે કે મોડી સાંજે ક્યારેય ઉડતા નથી કારણ તેનું કદ પ્રમાણમાં મોટું હોય આ સમયે તેને પાંખ વધુ વીંઝવી પડે અને તેથી શ્રમનો અનુભવ થાય માટે તે...

સૂર્યના તાપથી હવા ગરમ બને અને તેનો પ્રવાહ ચાલતો થાય ત્યારે તે હવાના સ્તર પર સવાર થઇ ને ઉડે. એટલે જો પેલીકનને ઉડતા જોવુ હોય તો બપોરનો સમય પસંદ કરવો રહ્યો. ઉપરાંત તે ઉડવા માટે કે જમીન પર ઉતરવા માટે સીધી લીટીમાં ઉડતું નથી પરંતુ તે ગોળ ચકરાવો લઇ ઉડે કે ઉતરે છે. આ દ્રશ્ય ખુબ જ નયનરમ્ય હોય છે. કારણ પેલીકન સમૂહમાં ઉડે છે. ઉડતી વખતે ગરદન સંકેલીને રાખે. જ્યારે યોગ્ય ઉંચાઇએ જાય ત્યારબાદ લાંબુ અંતર કાપવા માટે પેલીકન કુંજની જેમ અંગ્રેજીનાં **V** આકારમાં ઉડે છે.

વહેલી સવારે પાણીકાંઠા પર કે પાણી વચ્ચેના નાના-મોટા ટાપુઓમાં પેલીકનનો સમૂહ જોવા મળે. તડકો ખાઇને જ્યારે સ્ફૂર્તિ અનુભવે ત્યારે તે પાણીમાં તરવા નીકળી પડે. એકલ-દોકલ ફરતું પેલીકન પેહલાં તો પાણીમાં વધુ માછલીવાળો વિસ્તાર નક્કી કરે છે. ત્યારબાદ સાંકેતિક રીતે પેલીકન એકઠા થઇ એક હરોળમાં તરે અને ધીમે ધીમે છેડા પરથી પેલીકન સંકેલાતા જાય જેથી પાણીમાં રહેલી માછલી છીછરા વિસ્તાર તરફ ગતિ કરતી જાય. આમ પેલીકનનો સમૂહ માછલીને ખૂબ જ છીછરા પાણી તરફ ઢસડી જાય છે. જ્યારે એમ લાગે કે માછલી હવે છટકી નહી શકે ત્યારે બધા જ પેલીકન એક સાથે પોતાનું માથુ પાણીમાં ડૂબાડે અને નીચેની ચાંચમાં રહેલી ચામડીમાં આવે તેટલી માછલીઓ ભરી લે. આ આખી ઘટના જોવા માટે ખૂબ જ ધીરજની જરૂર હોય છે. જેને પેલીકનની ફિશીંગ લાઇન કહેવાય છે.

આ બાબત પરથી સમજાય કે પેલીકન પાણીમાં ડૂબકી લગાવી ને શિકાર કરતું નથી. આથી પેલીકનની ફિશીંગ લાઇન ખૂબ ઉંડા પાણી પર જોવા નહિ મળે પરંતુ પાણીના કાંઠાનો છીછરો વિસ્તાર પેલીકનની ફિશીંગ લાઇન જોવા માટે આદર્શ છે.

આમ જોઇએ તો આ વખતે માત્ર પેલીકનનું જ અવલોકન કરીએ તો તેની અલગ-અલગ વર્તણૂંક પણ સમજાય જાય. હા, તેને માટે સ્થળ અને સમય પસંદ કરવાની પણ કુનેહ જોઇશે.



# તમે કોને વધુ પસંદ કરો છો, તમારા મોબાઈલ કે સમયને?

ઓહો, મારો મોબાઈલ ક્યાં છે? આ વાક્ય લગભગ કોઈના મુખે સાંભળવા નથી મળતું કારણ કે હવે દરેક વ્યકિત પોતે ક્યાં ઉભો છે અથવા ક્યાં જઈ રહ્યો છે તે ભૂલી જઈ શકે પણ તેનો મોબાઈલ તે ક્યારેય ભૂલે નહીં. આવા ન ભૂલાતા સાધનની મહિમા અપરંપાર છે જેથી તેની માયાજાળમાં દરેક ફસાયેલા છે. હવે તમે ગમે તેને પૂછો કે તમારો વધુ સમય કઈ રીતે પસાર થાય છે તો તેમનો જવાબ એક જ હશે કે મોબાઈલમાં. મોબાઈલ પહેલા એક અચરજ, પછી નવીનતા, પછી સ્ટેટ્સ, પછી જરૂરિયાત અને હવે કદાચ બધા માટે એક વળગણ પણ કહી શકાય. મોબાઈલની મહિમા જેટલી ણીએ તેટલી ઓછી છે અને એટલે જ આજે ખૂબ જ અસરકારક વાત એવા લોકો માટે કરવી છે જેમને પોતાનો સમય ઓછો પડતો હોય, જેમને ટાઇમ મેનેજમેન્ટ કરવા છતાં વધુ સમયની જરૂરિયાત લાગતી હોય. જેમને પોતાના કામની સાથે સુખ, શાંતિ અને ખુશી હોય તેવા દરેક વ્યકિત માટે હવેના સમયમાં તેના મોબાઈલમાં વેસ્ટ કે ઇન્વેસ્ટ થતા સમયને ચકાસવો પડશે. તમારા સ્ક્રીન ટાઇમને પીપલ ટાઇમ સાથે બદલવાની તાતી જરૂર છે. આપણે બધા એક એવા માહોલમાં અજાણતા પોતાની જાતને મૂકી દીધી છે, જ્યાં વ્યકિત અને મોબાઈલ વચ્ચેની પાતળી લક્ષ્મણરેખાને ભૂલી ગયા છીએ. મોબાઈલથી સમયને બગાડો છો કે સદુપયોગ કરો છો કે કામ કરો છો તેનાથી વ્યકિતની સ્માર્ટનેસ આપણે પહેલા ગૂગલમાં બધું શોધતા અને હવે યુટ્યુબમાં બધું શોધી તેમાંથી જ શીખી લઈએ છીએ પરંતુ જે અનુભવો અને પ્રેમના સ્પંદનો વ્યકિત કે પરિવાર પાસેથી મળે તે મોબાઈલ માંથી ક્યારેય ન મળે નક્કી કરી શકાય પરંતુ મોબાઈલના બદલે વ્યકિત એટલે કે માણસ (જે તમારો પરિવાર કે મિત્ર છે) તેની સાથે કેટલા સમયની અદલાબદલી કરો છો તેના પરથી તમારી ખુશી અને સુખની ખબર પડે છે. આપણે પહેલા ગૂગલમાં બધું શોધતા અને હવે યુટ્યુબમાં બધું શોધી તેમાંથી જ શીખી લઈએ છીએ.

પરંતુ જે અનુભવો અને પ્રેમના સ્પંદનો વ્યકિત કે પરિવાર પાસેથી મળે તે મોબાઈલ માંથી ક્યારેય ન મળે. તમારો સમય તમારી મુઠ્ઠીમાંથી રેતીની જેમ સરકી રહ્યો હોય ત્યારે તમે સમયને પકડીને કે બાંધીને રાખી શકતા નથી એટલે જે સમય છે તેમાં જ માણસ સાથે સમય પસાર કરીને જીવન જીવ્યાનો આનંદ માણવાનો છે. વળી આ જ આનંદ અને સંતોષ તમારા બીઝનેસ કે તમારા કરિયરને પણ બુસ્ટ કરશે. આ જ સમય તમારા માટે આત્મવિશ્વાસ વધારવાનું કામ કરશે. તમે જ્યારે મોબાઈલ જેવા નિર્જીવ સાધનના બદલે સજીવ માનવી સાથે થોડો સમય પસાર કરો છો ત્યારે તમારી લાગણીઓ એકબીજા સાથે વાત કરવાથી પણ પસાર થાય છે, જે તમારી હકારાત્મક ભાવનાઓ વધારવામાં મદદરૂપ બને છે. ઘણીવાર આપણી પાસે બધું જ હોવા છતાં મનમાં કંઈ નથી તેની નિરાશા દુઃખી કરતી હોય છે અને જે નથી તે બીજું કંઈ જ નહી પણ અન્ય માનવીનો પ્રેમાળ હાથ જેના સંગાથમાં તમે બધું જ દુઃખ કે પરેશાની ભૂલી ઓ અને તમે મોબાઇલ સાથે જ સમય પસાર કરો છો તમને કોઈ વ્યકિત આપી શકે તેવી હૂંફ મળતી નથી પરંતુ તમે મોબાઇલ દ્વારા નકારાત્મક વાત કે વ્યકિત વિશે જાણો છો તો તમારા વિચાર અને આચાર પર તેની અસર થવાની શક્યતાઓ વધી જાય છે. બસ એક જ મંત્ર હવે યાદ રાખો કે સમયનું સંચાલન નહી પરંતુ સમયની અદલાબદલી તમે તમારી કઈ પ્રવૃત્તિ સાથે કરો છો તેના આધારે તમે વધુ ફાયદો મેળવી શકો અને તમે ક્યારે, કેટલો સમય મોબાઇલને આપો તેના બદલે વ્યકિત સાથે વાત કરવી વધુ ફાયદાકારક છે તે તમારે સમજતા શીખવું પડશે. તમે જીવનમાં તમારા કાર્યથી સંતોષ મેળવવા માંગતા હો તો. મોબાઇલ વગર શરીર મરી તો નથી જતું, પરંતું ઉર્જાનો ઉપયોગ જાણે બંધ કરી દે છે. આવી અવસ્થામાં માણસ ચાલીસેક મિનિટ સુધી જીવી શકે છે.

## તીવ્ર ઠંડીનો મુકાબલો કરવા આપણું શરીર કેવી ટ્રીક વાપરે છે ?

ઠંડી હવા કરતાં ઠંડુ પાણી ૩૦ ગણી વધુ ઝડપે આપણા શરીરમાંની ગરમી ખેંચી લે છે. એટલે જ ઠંડા પાણીએ નહાતી વખતે આપણને જાણે ઝટકો લાગે છે. શરીર પર ઠંડુ પાણી પડતાંની સાથે જ આપણો શ્વાસોશ્વાસનો દર અને ઓકિસજનનો ઉપયોગ ખૂબ વધી જાય છે. એટલે આપણે ધ્રુજવા લાગીએ છીએ. ધ્રુજારીને લીધે શરીરમાં ગરમી વડે શરીરમાં હૂંફ જાળવી રાખવાની એક કુદરતી કરામત છે. અચ્છા, પછી જ્યારે આપણે ઠંડા પાણીમાંથી બહાર આવીએ ત્યારે શરીર એકદમ ધીમું પડી જાય છે. હૃદયનાં ધબકારા ધીમા પડી જાય છે, શરીરની ઓકિસજનની જરૂરિયાત એકદમ ઘટી જાય છે. આ સ્થિતિમાં સાવ જ ઓછા, કહો કે નહિવત્ શ્વાસોશ્વાસના જોરે પણ આપણે ટકી શકીએ છીએ. આ હકીકતના જોરે એક અદ્ભુત તબીબી પદ્ધતિ એવી શોધાઇ કે જેમાં શરીરને ૧૬ ડિગ્રી જેટલા નીચા તાપમાને લાવવાથી લોહીનું પરિભ્રમણ લગભગ બંધ જેવું થઇ જાય છે અને આ સ્થિતિમાં ડોકટરો પેશન્ટનું ઓપરેશન વધુ સારી રીતે કરી શકે છે. આમ તો આ સ્થિતિને મૃત્યુ જેવી જ ગણી શકાય, પણ ગોઠવણપૂર્વક શરીરને નીચા તાપમાને લાવવાથી શરીર મરી તો નથી જતું, પરંતુ ઉર્જાનો ઉપયોગ જાણે બંધ કરી દે છે. આવી અવસ્થામાં માણસ ચાલીસેક મિનિટ સુધી જીવી શકે છે.



## અજાયબ ઊભયજીવી સેલામાન્ડર



દેડકાં ટેડપોલ તરીકે પાણીમાં જન્મે છે અને પુખ્ત થયા પછી જમીન પર વસે છે. અર્ધુ જીવન પાણીમાં અને અર્ધુ જીવન જમીન પર જીવનારા પ્રાણીઓને ઊભયજીવી કહે છે. દેડકા જાણીતા છે. પરંતુ પૃથ્વી પર લગભગ ૨૮૦૦ જેટલા ઊભયજીવી પ્રાણીઓ વસે છે તેમાં મેકિસકોનું સેલામાન્ડર વિશિષ્ટ છે.

કાળા શરીર પર કેસરી ટપકાંવાળા સેલામાન્ડર ગરોળીના આકારનું પ્રાણી છે. ટૂંકા પગ અને પૂંછડી ધરાવતા આ પ્રાણી ઉત્તર ગોળાર્ધના દેશોમાં જોવા મળે છે. તે પુખ્ત થાય ત્યારે પાંચ ફૂટ લાંબા હોઇ શકે છે. કેટલાક સેલામાન્ડરની જીભ તેના શરીર કરતા લાંબી હોય છે. ચીનમાં જોવા મળતા જાયન્ટ સેલામાન્ડર જંગી કદના કાચિંડા જેવા હોય છે. ઉત્તર અમેરિકામાં સેલામાન્ડરની સૌથી વધુ જાતો જોવા મળે છે. કેટલાક સેલામાન્ડર ઝેરી ડંખ ધરાવે છે.

સેલામાન્ડર રાત્રિ દરમિયાન નાના જીવજંતુઓનો શિકાર કરે છે. દિવસ દરમિયાન જમીનમાં દર કરીને રહે છે. અડપપ્પી નામનું ૨૬ ઇંચ લાંબુ સેલામાન્ડર કૂતરા ભસતા હોય તેવો અવાજ કરે છે તેને વોટરડોગ પણ કહે છે.




| | | | | |
|---|---|---|---|---|
| | + | | = | 8 |
| + | | + | | |
| | - | | = | 6 |
| = | | = | | |
| 13 | | 8 | | |

# SUDOKU

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | | | 2 | | 8 | | 6 |
| | 1 | 9 | | | 7 | | | 3 |
| | | | 3 | | | 2 | 1 | |
| 9 | | | 4 | | 5 | | 2 | |
| | | 1 | | | | 6 | | 4 |
| 6 | | 4 | | 3 | 2 | | 8 | |
| | 6 | | | | | 1 | 9 | |
| 4 | | 2 | | | 9 | | | 5 |
| | 9 | | | 7 | | 4 | | |

# નવરાત્રિ ઉજવણી

# નવરાત્રિ ઉજવણી

# નવરાત્રિ ઉજવણી



# U.K. Guest Visit

Std.1 A

# NCC Visit

# એન્જોય એક્ઝામ



# પંચશીલ સ્કૂલ

ઉપરના  સોશિયલ મીડિયા આઈકન ઉપર ક્લીક કરી આપણી સ્કુલ સાથે કનેક્ટ થઈએ